છોટાઉદેપુરમાં મોડીરાત્રે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

મેઘરાજાની એન્ટ્રી : જગતનો તાત હરખાયો

કુકસ-મોટા ફોફળિયા રોડ ઉપર વરસાદી પાણી ફરી વળ્યા | **ઓરસંગના પ્રવાહમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરાઈ** | **ડભોઈ પંથકમાં વોર્નિંગ એલાર્મ મોબાઈલ પર વગાડાયું** | **કરજણના ખેડૂતો માટે વરસાદ વરસતા ચિંતા હળવી બની**

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.23

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ 7 તાલુકાઓમાં ગત રોજ મોડી રાત્રિથી વરસાદ ની શરૂઆત થઈ છે ધીમી ધારે સમગ્ર પંથકમાં વરસાદ વરસી રહ્યો છે જ્યારે ભારે ગરમી અને ઉકળાટ બાદ વરસાદની શરૂઆત થતા તમામે રાહતનો શ્વાસ વિગત જ્યારે સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી જતા ભારે આનંદ ફેલાયો છે છોટાઉદેપુર ખેડૂતો પણ ખુશ ખુશાલ જોવા મળી રહ્યા છે આદિવાસી પંથકમાં ઘણા વિસ્તારોમાં ચોમાસુ ખેતી એકમાત્ર રોજગારીનું માધ્યમ હોય અને વરસાદની તાતી જરૂર હોય તેવા સમયે વરસાદની સુખદ શરૂઆત થઈ છે જ્યારે આકાશમાંથી સોનું વર્ષી રહ્યું હોય તેમ ખેડૂતો જણાવી રહ્યા છે. સમગ્ર પંથકમાં વરસાદની એટલેકે ચોમાસાની શરૂઆત હવે થઈ ચૂકી હોય તેમ લાગી રહ્યું છે જ્યારે વાતાવરણમાં બદલાવ અને ચોમાસા જેવો માહોલ જોવા મળી રહ્યો છે. છોટાઉદેપુર જિલ્લામાં આવેલ 7 તાલુકાઓમાં સવારના 6:00 વાગ્યાથી બપોરના 12:00 વાગ્યા સુધીમાં પાવી જેતપુર તાલુકામાં 58 મીમી, છોટાઉદેપુર તાલુકામાં 25મીમી, કવાંટ તાલુકામાં 32મીમી, નસવાડી તાલુકામાં 6 મીમી, સંખેડા તાલુકામાં 58 મીમી, બોડેલી તાલુકામાં 31મીમી, અને કદવાલ તાલુકામાં 18 મીમી વરસાદ સરકારી ચોપડે નોંધાયો હતો.

સંખેડા બહાદરપુર બ્રિજ બાજુમાં ભારે વાહનો માટે બનાવાયેલું ડાયવર્ઝન વરસાદી પાણીના પ્રવાહમાં ધોવાઈ ગયું છે. આ ઘટનાને કારણે ભારે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છોટાઉદેપુર જિલ્લામાં આજે વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. ઓરસંગ નદીમાં પાણીની આવક વધતા ડાયવર્ઝન પર પાણી ફરી વળ્યું હતું, જેના પરિણામે રસ્તાનો કેટલોક ભાગ ધોવાઈ ગયો. ડાયવર્ઝન ધોવાઈ જતાં ભારે વાહનચાલકોને વૈકલ્પિક માર્ગો શોધવા પડી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા વધુ વરસાદની આગાહીને પગલે નદીના પાણીના પ્રવાહમાં હજુ વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સંખેડા સહિત છોટાઉદેપુર જિલ્લાના તમામ તાલુકાઓમાં વહેલી સવારથી જ વરસાદી વાતાવરણ જોવા મળી રહ્યું છે. નદી-નાળામાં પાણીની જેમ આવક નોંધાઈ છે.

બીજા રાઉન્ડના વરસાદથી પાકને જીવતદાન મળ્યું । ઠેરઠેર પાણી ભરાતા વાહનચાલકો અટવાયા

ડભોઈ

અખત્યારપુરા રેલવે ગરનાળુ

વડોદરા જિલ્લામાં ગુરૂવારે વરસેલો વરસાદ

સાવલી	૭ એમ.એમ.
વાઘોડિયા	૭૮ એમ.એમ.
ડભોઇ	૮૮ એમ.એમ
પાદરા	૯૪ એમ.એમ.
કરજણ	૯૪ એમ.એમ.
શિનોર	૭૩ એમ.એમ.
ડેસર	૨ એમ.એમ.

જિલ્લામાં છેલ્લા આંકડા મુજબ વરસાદ વરસેલો છે.

ડભોઈ પંથક માં ચાર ઈંચ થી વધુ વરસાદ

ડભોઇઃ ડભોઈ પંથક માં વિતેલા 24 કલાક માં ચાર ઇંચ જેટલો ખેતી લાયક વરસાદ નોંધાયો છે.જેથી ધરતીપુત્રો માં આણંદ ની લાગણી વ્યાપી જવા પામી છે.જ્યારે તંત્ર ધ્વારા આગામી સમય માં 11 જિલ્લાઓ માં અતિ ભારે વરસાદ ની આગાહી માટે વોર્નિંગ એલાર્મ મોબાઈલ પર વગાડી લોકો ને સાવચેત રહેવા જણાવ્યું છે.ડભોઈ પંથક માં ગત રાત્રી થી ખેતી લાયક વરસાદ વરસી રહ્યો છે.વરસાદી સિઝન ની પ્રથમ હેલી વરસતા વાતાવરણ માં ઠંડક પ્રસરી ગઈ હતી.વિતેલા 24 કલાક માં ચાર ઇંચ વરસેલા વરસાદ થી ખેડૂતો માં આનંદ ની લાગણી વ્યાપી જવા પામી હતી.રાજ્ય સરકાર ના તંત્ર ધ્વારા સાંજે ચાર વાગ્યા ના ટકોરે લોકો ના મોબાઇલ પર એલાર્મ સાથે મેસેજ મોકલી પંચમહાલ,સુરત,તાપી,ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લાઓ ને આગામી સમય માં એલર્ટ રહેવા જણાવાયું હતું.જ્યારે નીચાણવાળા વિસ્તારો મા વસવાટ કરતા લોકો ના જીવ પડીકે બંધાયા હતા.

ખેરવા અને અખત્યારપુરાના ગરનાળામાં પાણી ભરાતા સંપર્ક તૂટ્યો!

સંખેડા : તાલુકાના ખેરવા અને અખત્યારપુરા ગામ તરફ જવાના રસ્તા ઉપર આવેલા રેલ્વે ના ગરનાળાઓમાં પાણી ભરાયું હતું. રેલવેના ગરનાળાઓમાં ભરાયેલા પાણીનો નિકાલ ન થતા અને સ્થાનિકો પરેશાન બને છે. રેલવે તંત્ર દ્વારા પાણીના નિકાલ માટે કોઈ કાર્યવાહી ન કરતા સ્થાનિકોમાં રેલવે તંત્ર પ્રત્યે રોષની લાગણી ફેલાઈ છે.સંખેડા તાલુકામાં છેલ્લા બે દિવસથી વરસાદ પડ્યો છે. વરસાદને કારણે સંખેડા તાલુકામાંથી પસાર થતા રેલવે લાઈનના ખેરવા અને અખત્યારપુરા તરફજવાના ગરનાળાઓમાં પાણી ભરાયું હતું. દર વર્ષે ચોમાસામાં ખેરવા ગામ તરફ જવાના રસ્તે ગરનાળામાં પાણી ભરાય છે. રેલવે તંત્ર દ્વારા અહીંયા પાણીનો નિકાલ કરાતો નથી અને તેને કારણે સ્થાનિકોને મુશ્કેલી કરવી પડે છે. આવી જ હાલત સંખેડા તાલુકાના અખત્યારપુરા ગામ તરફના રસ્તાની પણ છે. આ રસ્તે પણ રેલ્વેના ગરનાળામાં ચોમાસાની સાથે વરસાદ પડ્યો અને પાણી ભરાયું છે.પાણીના નિકાલ માટે અહીંયા કોઈ આયોજન કરાયું નથી.જણાવ્યા મુજબ અહીંયા ડંકી મૂકવામાં આવેલી છે. પરંતુ જ્યારે આ બંને સ્થળની મુલાકાત લેવાય ત્યારે ડંકી બંધ હાલતમાં જ જોવા મળી હતી.

શિનોર

કરજણ

કરજણ તાલુકામાં સિઝનનો કુલ 7.71 ઈંચ વરસાદ

કરજણ : વડોદરા જિલ્લાના કરજણ પંથકમાં મેઘરાજાએ બીજા રાઉન્ડમાં મન મૂકીને વરસવાનું શરૂ કરતાં ધરતીપુત્રોમાં હર્ષની લાગણી છવાઈ ગઈ છે. લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી તેવો ખેતીલાયક વરસાદ વરસતા ખેતરોમાં નવજીવનનો સંચાર થયો છે. કરજણ શહેર સહિત જીથરડી, ધાવટ, કુરાલી, વેમાર જેવા અનેક ગામડાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે, જેણે સૂકી ધરતીને ફરી લીલીછમ બનાવવાની આશા જગાવી છે.ચોમાસાની શરૂઆતથી જ કરજણ પંથકમાં વરસાદની અછત વર્તાઈ રહી હતી. સિઝનનો અત્યાર સુધીનો વરસાદ આછો રહ્યો હતો, જેના કારણે ખેડૂતો ચિંતિત હતા. જોકે, છેલ્લા કેટલાક દિવસોથી મેઘરાજાએ મહેર વરસાવતા આ ચિંતા હળવી બની છે. આ બીજા રાઉન્ડના વરસાદથી પાકને જીવતદાન મળ્યું છે અને ખેડૂતોના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી રહી છે. આજના વરસાદ સાથે કરજણ તાલુકામાં સિઝનનો કુલ વરસાદ 7.71 ઇંચ નોંધાયો છે.

ભારજ નદીના બ્રિજ પરથી ૧૦ ટનથી વધુ વજન ધરાવતા વાહનો માટે ડાયવર્ઝન

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, છોટાઉદેપુરની પેટા વિભાગીય કચેરી, જેતપુરપાવી હસ્તકના જેતપુર કદવાલ રોડ સેક્શન અન્ય જિલ્લા માર્ગ કક્ષાનો રસ્તો છે. રસ્તાની ચેઇનેજ ભારજ નદી પર સને ૧૯૭૦ માં (અંદાજિત ૫૪ વર્ષ જુનો) બાંધકામ થયેલ ૨૬૯.૦૦ મી. લંબાઇનો (૨૪.૪૦ મી. ના ૧૧ ગાળાનો) મેજર બ્રિજ આવેલ છે. બ્રિજની મરામતની કામગીરી પ્રગતિ હેઠળ હતી જે પુર્ણ થયેલ છે. બ્રિજનો ક્ષમતા પરિક્ષણ કરતાં પરિક્ષણ રિપોર્ટ અનુસાર તેમજ અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, આલેખન (મા.મ) વર્તુળ કચેરી, ગાંધીનગરના મળેલ તાંત્રિક અભિપ્રાય મુજબ સદર બ્રિજ પર કોઈ આકસ્મિક ઘટના ન બને તે માટે તેમજ વાહનવ્યવહાર સુચારું રૂપે ચાલે તે ૧૦ ટન થી વધારે હોય તેમજ ૨-એકસેલથી વધારે એક્સેલ વાળા વાહનો) માટે કામચલાઉ ડાયવર્ઝન રૂટ બનાવાયું છે.

સુરતમાં પૂરની પરિસ્થિતિને પગલે છોટાઉદેપુરથી ખાસ રેસ્ક્યુ ટીમ રવાના

સુરત શહેરમાં થઈ રહેલા ભારે વરસાદના કારણે સર્જાયેલી પૂરની પરિસ્થિતિને ધ્યાને રાખીને, ત્યાં રાહત અને બચાવ કામગીરીમાં મદદરૂપ થવાના આશયથી છોટાઉદેપુર ડિસ્ટ્રિક્ટ હેડક્વાર્ટર ફાયર સ્ટેશન ખાતેથી એક વિશેષ રેસ્ક્યુ ટીમ તમામ જરૂરી સાધન-સામગ્રી સાથે સુરત ખાતે રવાના કરવામાં આવી છે.છોટાઉદેપુર સ્ટેશન ફાયર ઓફિસર યુવરાજસિંહ ગોહિલે વિગતો આપતા જણાવ્યુ કે, રીઝનલ ફાયર ઓફિસર (RFO), સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસ, વડોદરા તરફથી મળેલી સૂચના અને પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને આપાતકાલીન બચાવ કામગીરી માટે ટીમને તાત્કાલિક સુરત ફાળવવામાં આવી છે. છોટાઉદેપુરથી રવાના થયેલી બચાવ ટીમ સુરતમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં નાગરિકોના સલામત સ્થળાંતર અને પૂર રાહત કામગીરીમાં સક્રિયપણે જોડાઈને સેવાઓ આપશે.

શિનોર પંથકમાં મેઘરાજાએ બીજા રાઉન્ડમાં ધમાકેદાર એન્ટ્રી : ઠેરઠેર પાણી ભરાયા

વડોદરા જિલ્લાના શિનોર પંથકમાં મેઘરાજાએ બીજા રાઉન્ડમાં ધમાકેદાર એન્ટ્રી કરતાં સમગ્ર વિસ્તાર વરસાદથી તરબોળ બન્યો છે. શિનોર સહિત તાલુકાના અનેક ગામોમાં રાતભરથી ધોધમાર વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી છે. જોકે બીજી તરફ અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા પણ સર્જાઈ છે. કુકસ-મોટા ફોફળિયા રોડ પાણીમાં ગરકાવ થતાં રસ્તો બંધ કરવાની ફરજ પડી છે, જ્યારે શિનોર રેલવે ઝરનાળા નીચે પણ પાણી ભરાતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં આજે મેઘરાજાએ મન મૂકીને વરસતા સમગ્ર વિસ્તાર વરસાદી માહોલમાં રંગાઈ ગયો હતો. શિનોર, માલસર, સાઇલી, અવાખલ, ટીમ્બરવા, ઉતરાજ, ટીંગલોદ, તરવા, કુકસ, મીંઢોળ, સેગવા અને સુરાસામળ સહિતના ગામોમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો.

રેડ એલર્ટ વચ્ચે પાદરા પંથકમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ : જનજીવન પ્રભાવિત

ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વરસાદી સિસ્ટમ સક્રિય થતાં આગાહી મુજબ આજે વહેલી સવારથી જ પાદરા પંથકમાં વરસાદી માહોલ જામ્યો હતો. મેઘરાજાએ ચોમાસાની મોસમમાં સૌપ્રથમ વખત વહેલી સવારથી જ ધમાકેદાર બેટિંગ શરૂ કરતાં સમગ્ર પંથકમાં સર્વત્ર વરસાદ વરસ્યો હતો.સતત વરસી રહેલા વરસાદના પગલે ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. વરસાદથી ખેતરોમાં ભેજનું પ્રમાણ વધતાં પાકને લાભ થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી તરફ વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકોને ઉકળાટ અને ગરમીમાંથી રાહત મળી હતી.જોકે ભારે વરસાદના કારણે પાદરા શહેર તથા આસપાસના અનેક નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં જનજીવન પ્રભાવિત બન્યું હતું.

હાઈવે પર કરજણ પોલીસનો દારૂના જથ્થા પર દરોડો

રૂા. ૨૦.૬૬ લાખનો મુદ્દામાલ જપ્ત, ૯,૫૫૨ બોટલો સાથે ટેમ્પો કબજે

(પ્રતિનિધિ) કરજણ, તા. 23

વડોદરા જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત કરજણ પોલીસે નેશનલ હાઈવે-4 એક્સપ્રેસવે પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડી નોંધપાત્ર સફળતા મેળવી છે. કરજણ તાલુકાના કણભા ગામની સીમ નજીક કરાયેલી કાર્યવાહીમાં પોલીસે 20.66 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ ઈન્સ્પેક્ટર બી. એમ. પટેલને બાતમી મળી હતી કે સફેદ રંગના અશોક લેલેન્ડ દોસ્ત ટેમ્પો (GJ-23-AW-5569)માં દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. જેના આધારે પોલીસે હાઈવે પર વોચ ગોઠવી ટેમ્પો રોક્યો હતો. જોકે તપાસ દરમિયાન ટેમ્પાનો ચાલક અંધારાનો લાભ લઈ નજીકની જારીઓમાં કૂદી ફરાર થઈ ગયો હતો. ટેમ્પાની તાડપત્રી ખોલી તપાસ કરતાં અંદરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 9,552 પ્લાસ્ટિક બોટલો મળી આવી હતી, જેની કિંમત 15,66,528 હોવાનું બહાર આવ્યું હતું. ઉપરાંત ટેમ્પામાંથી નકલી આર.સી. બુક તેમજ GJ-23-AW-5604 નંબરની બે નંબર પ્લેટો પણ મળી આવી હતી. પ્રાથમિક તપાસ મુજબ પોલીસને ગેરમાર્ગે દોરવાના હેતુથી તેનો ઉપયોગ થતો હોવાનું સામે આવ્યું છે.

બોડેલી મેરીયા બ્રિજ નીચેનું ડાયવર્ઝન ધોવાયું

ડાયવર્ઝન બંધ થતાં ટ્રકોને લાંબો ફેરો ફરવાની ફરજ

(પ્રતિનિધિ) બોડેલી, તા. 23

છોટાઉદેપુર જિલ્લામાં ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ સુરક્ષાના ભાગરૂપે બોડેલી નજીક આવેલા ઓરસંગ અને મેરીયા બ્રિજ ભારધારી વાહનો માટે બંધ કરવામાં આવ્યા હતા. તેના કારણે ટ્રકો સહિતના ભારે વાહનોને લાંબા અંતરનો ફેરો ફરવાનો વારો આવતો હતો.

સરકારી ડાયવર્ઝન માર્ગની જર્જરિત સ્થિતિને કારણે વાહનચાલકો દ્વારા મેરીયા બ્રિજ નીચે ખાનગી રીતે વૈકલ્પિક ડાયવર્ઝનનો ઉપયોગ કરવામાં આવતો હતો. જોકે જિલ્લામાં મેઘરાજાની સક્રિયતા બાદ નદીમાં પાણીની આવક વધતાં આ ડાયવર્ઝન ધોવાઈ સામનો કરવો પડી રહ્યો છે. હાલ ઓરસંગ અને મેરીયા બ્રિજ પર મરામતની કામગીરી ચાલુ છે. વેપારીઓ, ટ્રાન્સપોર્ટરો અને સ્થાનિકોમાં માંગ ઉઠી રહી છે કે કામગીરી ઝડપથી પૂર્ણ કરી બંને બ્રિજ ભારધારી વાહનો માટે વહેલી તકે ખુલ્લા મુકવામાં આવે.

કારણ કે બ્રિજ બંધ રહેવાના કારણે પરિવહન ખર્ચમાં વધારો થઈ રહ્યો છે અને ધંધા-રોજગાર પર સીધી અસર પડી રહી છે. સ્થાનિકોનું કહેવું છે કે બ્રિજો ઝડપથી કાર્યરત કરવામાં આવે તો ભારધારી વાહનચાલકોને રાહત મળશે અને પરિવહન વ્યવસ્થા ફરી સામાન્ય બની શકશે.

પેપર લીક મુદ્દે કોંગ્રેસનું ઉગ્ર વિરોધ પ્રદર્શન, પાંચ કાર્યકરો ડિટેઈન

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 23

રાજ્યમાં સતત સામે આવી રહેલા પેપર લીકના મામલાઓ અને તેના કારણે યુવા વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થઈ રહેલા અન્યાયના વિરોધમાં છોટાઉદેપુર જિલ્લા કોંગ્રેસ દ્વારા આજે શહેરમાં એક જોરદાર અને ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શન દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે પોલીસે પૂર્વ વિરોધ પક્ષના નેતા સુખરામ રાઠવા સહિત પાંચ અગ્રણી કાર્યકરોની અટકાયત (ડીટેઈન) કરી હતી.

યુવા બેરોજગારો અને વિદ્યાર્થીઓ વતી ન્યાયની માંગ સાથે છોટાઉદેપુર શહેરના મુખ્ય માર્ગો પર કોંગ્રેસના કાર્યકરો દ્વારા એક રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં મોટી સંખ્યામાં પક્ષના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા. રેલી દરમિયાન કાર્યકરોએ વર્તમાન સરકારની નીતિઓ સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને પેપર લીક મામલે તટસ્થ તપાસ તેમજ કડક કાર્યવાહીની માંગ કરી હતી.વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર બનતા કાર્યકરો દ્વારા પ્રધાનમંત્રી વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

એક વર્ષથી ફરાર ગાંજા કેસનો આરોપી મધ્યપ્રદેશમાંથી ઝડપાયો

વડોદરા જિલ્લા એસઓજીની સફળ કાર્યવાહી, કરજણ પોલીસને સોંપાયો

(પ્રતિનિધિ) કરજણ, તા. 23

વડોદરા જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી)ને વધુ એક મહત્વની સફળતા મળી છે. કરજણ ટાઉન પોલીસ સ્ટેશનમાં વર્ષ 2025 દરમિયાન નોંધાયેલા માદક પદાર્થ (ગાંજો)ના ગુનામાં લાંબા સમયથી ફરાર આરોપીને મધ્યપ્રદેશમાંથી ઝડપી પાડી કરજણ પોલીસને સોંપવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, વર્ષ 2025માં કરજણ પોલીસે કાર્યવાહી દરમિયાન 1 કિલો 920 ગ્રામ ગાંજા સાથે આરોપીને રંગેહાથે ઝડપી પાડ્યો હતો. આ અંગે કરજણ ટાઉન પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. જોકે, ગુનામાં સંડોવાયેલ આરોપી વિનોદ માજન ઉર્ફે મજાન પાવરા નાસી છૂટ્યો હતો અને લાંબા સમયથી વોન્ટેડ જાહેર હતો.

દરમિયાન વડોદરા જિલ્લા એસઓજીને ચોક્કસ બાતમી મળી હતી કે વોન્ટેડ આરોપી મધ્યપ્રદેશ રાજ્યના બળવાની જિલ્લાના ધવલી ગામમાં છુપાઈને રહે છે. બાતમીના આધારે ટીમે મધ્યપ્રદેશમાં સફળ ઓપરેશન હાથ ધરી આરોપી વિનોદ માજન ઉર્ફે મજાન પાવરાને ઝડપી પાડ્યો હતો.